

## Cadaver Organ Donor Jitendra Zumbar Koli



# City's fourth case of bone donation in last fortnight

### 30-Year-Old Painter's Bones, Kidneys & Liver Donated To 3

[illegible]

[illegible]

अनुकरणीय • सूरत में चौथी बार हड्डियों का दान, महाराष्ट्र कोली समाज ने दिखाई नई दिशा

# अंगदान से तीन को मिली नई जिंदगी

सूरत @ पत्रिका



# મહારાષ્ટ્રીયન કોળી સમાજના બ્રેનડેડ યુવાનનું અંગ અને હાડકાં દાન કરાયું

ગુજરાતમાં હાડકા ના દાનનો ચોથો બનાવ : ડોનેટ લાઈફના પ્રમુખની જહેમતનું પરિણામ



" जवानीमें रक्तदान दिमागके मृत्युबाद(ब्रेईनडेड) किडनी, लिवर और हृदयदान . . . "

**અંગદાન** સુરતમાં કાર્યરત હાડકાંની બેંકમાં આ ચોથું દાન મળ્યું

# કલર કામ કરનારા યુવાને અન્યની જિંદગી બનાવી કલરફૂલ

સુરત, તા. ૧૫

[illegible]

**કીડની, લીવર**
આંખો સહિત
હાડકાંનું
પણ કર્યું
દાન



**શું હોય છે પ્રોસેસ?**

[illegible]

# રંગકામ કરતા યુવકના અંગદાનથી અન્ય બે રંગ જીંદગીમાં રંગ ભરાયા

(પ્રતિનિધિ દ્વારા) સુરત, રવિવાર

દરેક સમાજમાં અંગદાન વિશે જાગૃતિ ફેલાઈ રહી છે. લોકો અંગદાન આપવા માટે કોઈ સંકોચ કે અજુગતું નથી સમજતા. સુરતમાં રહેતા મહારાષ્ટ્રીયન કોળી સમાજનાં બ્રેઈનડેડ યુવકનાં અંગદાનથી સમાજમાં સેવાની સુગંધ પ્રસરી છે.

ઉપરથી નીચે પટકાયેલા ૩૦ વર્ષીય જીતેન્દ્ર ઝુમ્બર કોળીને મગજમાં હેમરેજ બાદ લોહી જામી ગયું હતું. ડોક્ટરે બ્રેઈનડેડ જાહેર કરતા તેમના પરિવારે કલર કામ કરતા યુવાનનાં અંગદાન કરીને અન્યોની જીંદગીમાં કલર ભરવાનું નક્કી કર્યું હતું. હાડકાં, લીવર, આંખો અને કિડનીનું દાન તેમના તરફથી મળ્યું હતું. દાનમાં આવેલી એક કિડની ભાવનગરનાં ૫૦ વર્ષીય મંજુબેન અને બીજી કિડની સુરતની ૧૫ વર્ષીય પૂર્વી બીનાનીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાઈ હતી.

# સુરતમાં કામ કરતાં મહારાષ્ટ્રીયન બ્રેઈન ડેડ યુવાનનાં અસ્થિ અને અંગોનું દાન કરાયું

**ખ્યાતિ જોશી તરફથી**



સુરત, તા. ૧૬ : સમગ્ર દક્ષિણ ગુજરાતમાં માનવતા મહેકી ઊઠી છે. અંગદાનને લઈને લોકોમાં જાગૃતતા આવી હોય તેવું સ્પષ્ટપણે દૃશ્યમાન થઈ રહ્યું છે. તાજેતરમાં વધુ એક અંગદાનનો કેસ પ્રકાશમાં આવ્યો છે. ડોનેટ લાઈફ સંસ્થાના સહયોગથી મૂળ જલગાંવના ચોપડા તાલુકાના જીતેન્દ્ર ઝુમ્બર કોળી (ઉ.૩૦)ને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા બાદ તેમના પરિવારજનોએ અંગદાન માટે મંજૂરી આપીને સમાજમાં એક દાખલો બેસાડ્યો છે.

ગત ૧૩મી મેએ જીતેન્દ્ર કોળી જ્યારે શહેરની અઠવાલાઈન્સ સ્થિત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની હોસ્ટેલમાં કલરકામ કરતાં હતા. ત્યારે ત્રીજા માળેથી નીચે પડી જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જીતેન્દ્રને તાત્કાલિક શહેરની મેટાસ એડવેન્ટિસ્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તબીબોએ તેમની તાત્કાલિક સારવાર બાદ મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. અંતે ૧૪મીએ ન્યુરોસર્જન ડો. અજય શર્મા અને ન્યુરો ફિઝિશયન ડો. હરેશ પારેખે જીતેન્દ્ર કોળીને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા.

મેટાસ હોસ્પિટલના રજિસ્ટ્રાર ડો. કમલાકરે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાનો સંપર્ક કરીને જીતેન્દ્રના બ્રેઈનડેડ અંગેની માહિતી આપી હતી. ડોનેટ લાઈફ સંસ્થાએ જીતેન્દ્ર કોળીના પરિવારજનોને અંગદાન વિશે સમજાવતાં પત્ની સરલા, પિતાજી ઝુમ્બર, ભાઈ જ્ઞાનેશ્વર તથા પરિવારજનોએ જીતેન્દ્રનાં અંગોનાં દાન માટે મંજૂરી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની ભાવનગરના રહેવાસી મંજુબેન ડાભી (ઉ.૫૦) તથા બીજી કિડની સુરતના રહેવાસી પૂર્વી બીલાની (ઉ.૧૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ ઉત્તરપ્રદેશનાં મુરાદાબાદનાં રહેવાસી પંકજ કુમાર ચૌહાણ (ઉ.૩૬)માં કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત બ્રેઈન ડેડ યુવક જીતેન્દ્રનાં હાડકાંઓનું પણ દાન કરવામાં આવ્યું હતું.

હાડકાંનું દાન સાથે રાજ્યમાં અસ્થિનાં દાનનો આ ચોથો બનાવ બન્યો હતો. હાડકાંનું દાન આશુતોષ મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલનાં ડો. રાજન રાજ ચોધરી અને તેની ટીમે સ્વીકાર્યું હતું. જ્યારે બન્ને કિડની અને લીવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસિઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) ખાતે ડો. જમાલ રિઝવી, ડો. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

નોંધવું કે, સુરતમાં છેલ્લાં ૧૫ દિવસમાં અસ્થિ અને અંગોનાં દાનનો આ ચોથો બનાવ છે. અત્યાર સુધી બ્રેઈન ડેડ વ્યક્તિઓનાં અંગોનાં દાનને લઈને પરિવારજનોમાં ઉત્સાહ અને જાગૃતિનો અભાવ જોવા મળતો હતો. સ્થાનિક એનજીઓ સંસ્થાનાં સઘન પ્રયત્નોનાં ફળ રૂપે અંગદાનને લઈને લોકોમાં જાગૃતિ આવી છે.

# ઉધનાના શ્રમજીવી જિતેન્દ્ર કોળીના કિડની લિવર, આંખો સાથે હાડકાંનું પણ અંગદાન

સુરત, તા.૧૫

મહારાષ્ટ્રીયન કોળી સમાજના બ્રેનડેડ જીતેન્દ્ર ઝુમ્બરે કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાંઓનું દાન કર્યું છે. ગુજરાતમાં હાડકાના દાનનો આ ચોથો બનાવ છે.

ઉધના વિસ્તારમાં રહેતા જીતેન્દ્ર ઝુમ્બર કોળી કલરકામના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. થોડા દિવસ પૂર્વે જીતેન્દ્ર કલરકામ દરમિયાન ઉંચાઈથી નીચે પટકાઈ ગયો હતો. જેના કારણે તેના માથાના ભાગે ગંભીર ઇજાઓ થઇ હતી. તાત્કાલિક નજીકની મેટ્રાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે જીતેન્દ્રને દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તબીબો દ્વારા મગજમાં હેમરેજ હોવાનું તથા મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના તબીબોએ ડોનેટ લાઈફના નિલેશ માંડલેવાલાનો સંપર્ક કરી ઘટનાની જાણ કરી હતી.



ત્યાર બાદ નિલેશ માંડલેવાલાએ દર્દી જીતેન્દ્રના પરિવારની મુલાકાત લઇ અંગદાન અંગે જાણકારી આપી તેનું મહત્વ સમજાવ્યું હતું.

જીતેન્દ્રના પરિવારજનોએ અંગદાન કરવાની સંમતિ દર્શાવતા હાડકાં, કિડની અને લીવર દાનમાં લેવામાં આવ્યું હતું. દાનમાં મળેલી કિડની ભાવનગરના રહેવાસી મંજુબેન (ઉ.૫૦) દાન કરવામાં આવી હતી. જ્યારે હાડકા આસુતોષ હોસ્પિટલમાં સ્ટોરેજ કરવામાં આવ્યા હતા. ગુજરાતમાં હાડકા દાન કરવાનો આ ચોથો બનાવ છે.

## ગુજરાતમાં હાડકાં દાન કરવાનો ચોથો બનાવ; બ્રેઈનડેડ જિતેન્દ્રની કિડની ભાવનગરની મહિલાને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી

# મરાઠી કોળી સમાજના બ્રેનડેડ યુવકના ઓર્ગનનું દાન કર્યું

સુરત : ગુજરાતમાં હાડકાં દાનનો ચોથો બનાવ ડોનેટ લાઈફ સંસ્થા હસ્તક નોંધાયો હતો. મહારાષ્ટ્રીયન કોળી સમાજના બ્રેનડેડ યુવકના પરિવારે કિડની, લીવર અને ચક્ષુઓની સાથે હાડકાંઓનું દાન કરી માનવતા મહેકાવી સમાજને નવી દિશા બતાવી હતી.

ઉધનાના જીતેન્દ્ર કોળી (બાવીસકર) (૩૦)નું પડી જવાથી માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાંના તબીબે બ્રેનડેડ નિદાન કરતાં આની જાણ ડોનેટ લાઈફ સંસ્થાના પ્રમુખને થઈ હતી. તેમણે મૃતકના પરિવારજનોને ઓર્ગન ડોનેટ અને હાડકાં દાનનું મહત્વ સમજાવતાં પરિવારજનોએ સંમતી આપી હતી. તેથી હાડકાનું દાન આસુતોષ હોસ્પિટલના ડૉ. રાજીવરાજ ચૌધરીએ, આંખનું દાન અર્પણ આઈ બેંકના ડૉ. ગતી પંડિતે સ્વીકાર્યું હતું. દાનમાં મળેલી કિડની ભાવનગરના મંજુબેન (૫૦)માં અને બીજી કિડની સુરતની પૂર્વી બીનાની (15)માં પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું.

## ગુજરાતમાં હાડકાં દાનનો ચોથો કિસ્સો

સુરત : મહારાષ્ટ્રીયન કોળી સમાજના બ્રેઈનડેડ જિતેન્દ્ર કુમાર કોળીના પરિવારે તેના કિડની, લીવર, અને ચક્ષુઓની સાથે હાડકાનું દાન કરી સમાજને ઉત્તમ દાખલો આપ્યો છે. જિતેન્દ્રને સંતાનમાં બે પુત્રી છે અને સવા માસનો પુત્ર છે. કલર કામના વ્યવસાય સાથે સંકળાયેલો જિતેન્દ્ર ઉપરથી નીચે પડતાં અઠવાલાઈન્સની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જ્યાં તેને બ્રેઈનડેડ જાહેર કરાતાં પરિવારે અંગદાનનો નિર્ણય લીધો હતો. ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાએ જણાવ્યું હતું કે, જિતેન્દ્રની કિડની ભાવનગર અને સુરતની મહિલાઓને અપાઈ હતી. છેલ્લાં નવ દિવસમાં ચોથી વખત હાડકાં દાન કરવામાં આવ્યાં છે.

# સુરતમાં કામ કરતાં મહારાષ્ટ્રીયન બ્રેઈન ડેડ યુવાનનાં અસ્થિ અને અંગોનું દાન કરાયું



સુરત તા. ૧૬ : સમગ્ર દક્ષિણ ગુજરાતમાં માનવતા મહેકી ઉઠી છે. તાજેતરમાં વધુ એક અંગદાનનો કેસ પ્રકાશમાં આવ્યો છે. ડોનેટ લાઈફ સંસ્થાનાં સહયોગથી મૂળ જલગાંવનાં ચોપડા તાલુકાનાં જીતેન્દ્ર સુભ્ભર કોળી(ઉ.૩૦)ને તબીબોએ બ્રેઈનડેડ જાહેર કર્યા બાદ તેમનાં પરિવાજનોએ અંગદાન માટે મંજૂરી આપીને સમાજમાં એક દાખલો બેસાડ્યો છે.

ગત ૧૩મી મેએ જીતેન્દ્ર કોળી જ્યારે શહેરની અઠવાલાઈન્સ સ્થિત સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની હોસ્ટેલમાં ક્લરકામ કરતાં હતાં ત્યારે ત્રીજા માળેથી નીચે પડી જતાં તેમને માથાનાં ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જીતેન્દ્રને તાત્કાલિક શહેરની મેટાસ એડવેન્ટીસ્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં તબીબોએ તેમની તાત્કાલિક સારવાર બાદ મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. અંતે ૧૪મીએ ન્યુરોસર્જન ડો. અજય શર્મા અને ન્યુરોફીઝીશ્યન ડો. હરેશ પારેખે જીતેન્દ્ર કોળીને બ્રેઈન ડેડ જાહેર કર્યાં હતાં.

મેટાસ હોસ્પિટલનાં રજીસ્ટાર ડો. કમલાકરે ડોનેટ લાઈફનાં પ્રમુખ નિલેશભાઈ માંડલેવાળાનો સંપર્ક કરીને જીતેન્દ્રનાં બ્રેઈનડેડ અંગેની માહીતી આપી હતી. ડોનેટ લાઈફ સંસ્થાએ જીતેન્દ્ર કોળીનાં પરિવારજનોને અંગદાન વિશે સમજાવતાં પત્ની સરલા, પિતાજી સુભ્ભર, ભાઈ જ્ઞાનેશ્વર તથા પરિવારજનોએ જીતેન્દ્રનાં અંગોનાં દાન માટે મંજૂરી આપી હતી.

દાનમાં મેળવવામાં આવેલી એક કિડની ભાવનગરનાં રહેવાસી મંજુબેન ડાભા(ઉ.૫૦) તથા બીજી કિડની સુરતના રહેવાસી પૂર્વી બીનાની (ઉ.૧૫)માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. જ્યારે લીવરનું ટ્રાન્સપ્લાન્ટ ઉત્તરપ્રદેશનનાં મુરાદાબાદનાં રહેવાસી પંકજકુમાર ચોહાણ(ઉ.૩૬)માં કરવામા આવ્યું હતું. આ ઉપરાંત બ્રેઈન ડેડ યુવક જીતેન્દ્રનાં હાડકાંઓનું પણ દાન કરવામાં આવ્યું હતું.